ॐ

श्रीमद् रामानंदाय नमः

શ્રીમાન્
મહંત મોહનદાસજી ગુરૂ આત્મારામ-
અમદાવાદ-નિવાસીના
ઉપદેશનો અનુવાદ.

रामानंद धर्म प्रकाश.

પ્રકાશક,
રામાનંદ શાસ્ત્રશ્રવણ મંડળી
અને
ઠાકર મંડળી તરફથી
ક્લાર્ક વિસરામ પ્રેમાભાઈ.
કરાચી.

 પ્રત ૧૦૦૦

ॐ

॥ श्रीमद् रामानंदाए नमः ॥

મેયાવત રજપૂતાચાર્ય

મહંત શ્રી મોહનદાસજી ગુરૂ આત્મારામ (અમદાવાદ વાળા) એઓશ્રીએ "કરાંચી" તા. ૨૫-૩-૧૭ ની રાત્રે રા. રા. જીવણભાઈ ઝીણાભાઈના ખરચથી ત્યાંના જીજ્ઞાસુ જનસમૂહ વચ્ચે

रामानंद धर्म प्रकाश.

એ વિષય ઉપર આપેલા વ્યાખ્યાનનો

सार.

સર્વ મુમુક્ષુજનોના હિતાર્થે

છપાવી પ્રસિદ્ધ કર્તા.

રામાનંદ શાસ્ત્રશ્રવણ મંડળી તથા ઠાકર મંડળી.

કલાર્ક વિસરામ પ્રેમાભાઇ કરાંચી.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

વિક્રમ સંવત ૧૯૭૩. સને ૧૯૧૭.

મૂલ્ય ૦—૨—૦.

અમદાવાદઃ-
માડીઆમાં શ્રી ભાગ્યોદય પ્રિન્ટીંગ પ્રેસમાં
જેઠાલાલ દેવશંકર દવેએ છાપ્યું.

પુસ્તકાર્પણ.

પરમ ઉદ્ધાર ગુણ ભંડાર

શ્રીયુત રા. રા. વીસરામ ફકીર,

(કલાર્ક સાહેબ) કરાંચી કેમ્પ.

આપશ્રીની ઉદારતા. ક્ષમાવંત નિષ્ઠા અતિ પ્રશંસનીય છે વળી આપે અત્રેની **મેયાવત રજપૂત** જ્ઞાતીનું યથાવિધિ કાર્ય હાથ લઇને જ્ઞાતિમાં ચાલતા મદ્યપાનાદિ કુરીવાજોને બંધ કરવા વિગેરે સોલજર બજારમાં આપણા ધર્મમંદિરનો સારો સુધારો કરવા ઉગ્ર પ્રયાસ ઉઠાવ્યો છે એવા ઉત્તમ વિચારો સિવાય આપશ્રીની ક્ષમાશિલની કીર્તિ દેશપ્રદેશના **મેયાવતો**માં ફેલાઇ રહેલી છે ઇત્યાદિ સદ્દગુણોને લીધે આ પુસ્તક અર્પવા માટે અમારી ઇચ્છા આકર્ષાઇ છે જેથી આ લઘુગ્રંથ કે જેમાં આપણા ઇષ્ટદેવ શ્રીમદ્ **રામાનંદ** મહાપ્રભુના ધર્મની વ્યાખ્યા સમાએલી છે આવો અત્યુત્તમ ઉપદેશ તે આપની રજા લીધા શિવાય આપને અર્પણ કરીએ છીએ.

પ્રગટ કર્ત્તા.

ઉદ્દેશ.

સજ્જનો !

આ ભાષણનું લઘુ પુસ્તક છપાવવાનો હમારો ઉદ્દેશ એજ છે કે રામાનંદ અને તેમના જીવન ચરિત્ર માટે આપણા મેવાડત રજપૂતો ઘણા ભાગે અજાણ હતા અને તે કારણથી અન્ય ધર્મવાળાઓ ઉટપટાંગ વાતો સંભળાવી આપણા ધર્મની નિંદા કરતા. તેના સમાધાનાર્થે અમોને વિદ્વાન ગુરૂની ખોટ હોવાને લીધે બધું સહન કરવું પડતું તે આજ અમારા અહોભાગ્ય અમદાવાદવાશી મહંત શ્રી મોહનદાસજીએ શુદ્ધ ધર્મના ભાષણથી હમારો ઉદ્દેશ પૂર્ણ કર્યો છે.

આ ધર્મ વિષે વિશેષ માહિતી કોઈ ધાર્મીક સજ્જન તરફથી મળશે તો ઉપકાર સહિત ભવિષ્યની આવૃત્તિમાં તેમના નામથી છપાવી પ્રસિદ્ધ કરીશું આ પુસ્તકમાં કાંઇ ભૂલ હોય તો તે તરફ દ્રષ્ટિ ન કરતાં હંસવૃત્તિએ નિરખીહ ન્યાય સાર ગ્રહણ કરશે અને તેમ થએ આ હમારો પ્રયત્ન ફળીભૂત થયો સમજીશું. એટલુંજ નહી પણ રામાનંદ ધર્મોત્સંગી સજ્જનો આ પુસ્તકદ્વારા સારી માહીતી મેળવશે એવી આશા છે.

અનુક્રમણિકા.

पुस्तक प्रारंभ.

मंगलम्

यंब्रह्मावरुणेन्द्ररुद्रमरुतःस्तुन्वन्ति दिव्यैस्तवै
र्वेदै स्सांगपद क्रमोपनिषदैर्गायन्ति यं सामगाः

ध्याना वस्थित तद्गतेन मनसा पश्यंति यं योगिनो
यस्यान्तं नविदुःसुरासुरगणा देवाय तस्मै नमः ॥१॥भ०गी०॥

मूकंकरोतिवाचालं पंगुंलंघयते गिरीम् ।
यत्कृपात महं वंदे परमानंदं माधवम् ॥ २ ॥

सर्व मंगलमांगल्यं सर्वोपद्रव नशनम्
वंदे रामानंदार्यस्य नित्यंपादांबुजद्वयम्

સર્વ મંગલ માત્રમાં મંગલરૂપ તથા સર્વ ઉપદ્રવોમાં દુઃખદાયક વિઘ્નોનો નાસ કરનાર એવા શ્રી રામ અવતાર શ્રી રામાનંદ આર્યના બંન્ને ચર્ણાર્વિંદોમાં હું વંદના કરૂં છું.

શરૂઆતમાં

વ્યાખ્યાનદાતાએ કહેલો હેતુ.

સભ્યો ?

આજના અત્યુત્તમ સમયે શ્રીરામાનંદધર્મ એ વિષય પર હું ટુંક વ્યાખ્યાન કરવા ધારૂં છું ને તે પ્રભુ પાર પાડશે એવી આશા છે. પરંતુ એ મારો શ્રમ સફળ ક્યારે થયો સમજીશ કે જ્યારે આપ સઘળા સભ્યો શાન્તવૃત્તિથી વ્યાખ્યાનનુ શ્રવણ મનન, અને નિદિધ્યાસન કરી આપણા ધર્મમાં આરૂઢ થશો ત્યારે.

પરમાત્મા આપણે (શ્રોતા વક્તા) ઉભયને સહાય અને સન્મતિ આપો એવી પ્રભુ પ્રત્યે મારી અભ્યર્થના છે. ૐ શાંન્તિઃ શાંન્તિઃ શાંન્તિઃ

પ્રકરણ ૧ લું.

રામાનંદોત્પતિ.

પ્રેક્ષકો ?

સૃષ્ટિની શરૂઆતથી લઈને દ્વાપરયુગ પર્યન્ત આપણા આ ભારતખંડમાં વેદસમંત સનાતન (ત્યાગી) ધર્મ

અસ્ખલિત પ્રવાહે વહ્યા કર્યો. તત્પશ્ચાત મહાભારતનું યુદ્ધ થયા પછી એટલે કળિયુગની પ્રવેશ ભૂમિકાપર. કર્મ ભ્રષ્ટ લોક તથા એવાજ રાજાઓની રાજસત્તાને લીધે અનેક પંથ નિકળી પડયા છે, તેમાં—कलीमलग्रसेऊ धर्म सवलुप्तभये सद्ग्रंथ दांभिकनीजमत कल्पीकरी प्रगट कीये बहु पंथ. (તુલસીકૃત રા. ઉ. કાન્ડ.) તેમાંના ચાર્વાક આદિ નાસ્તિકો અને મહીધર, આશ્રણાચાર્ય વગેરે વામમાર્ગી (દેવીભક્તો)એ બીભત્સ, હિંસિક, તાંત્રિક, પ્રંથો રચી કહાડી વેદના अहिंसा परमोधर्म—એ વચનપર છીણું મૂકી ભોળા લોકોને દુષ્ટ માર્ગે દોર્યા. આથી ગોરખપુર જીલ્લે કાપિલવસ્તુ નામના શહેરમાં શુદ્ધોધન રાજાના પુત્ર ગૌતમ (બુદ્ધ) અહિંસીક પણ વેદરહિત એવા બુદ્ધ મત પ્રવર્તાવી જીવ દયા ધર્મ ચલાવ્યો પરંતુ વેદધર્મનો લોપ થએલો હોવાથી શ્રી ભગવાને પોતાના પાર્ષદોને સંબોધી સંસારમાં મનુષ્યરૂપે મોકલ્યા જેઓમાંથી પ્રથમ શ્રીલક્ષ્મી ગોદા-દેવી રૂપે તથા વિશ્વકશેનાદિક પાર્ષદો शठकोप-नाथार्य-पंकजाक्ष-राममिश्र-यामूनाचार्य-गोष्ठीपूर्ण, पूर्णाचार्य-मालाधारगुरू-श्रशिलपूर्ण-वररंग-અને कांचीपूर्ण-વગેરે નામથી સંસારમાં આવ્યા તેઓ પ્રથમ દક્ષિણ દેશમાં ताम्रपूर्णा નામક નદી કીનારે કુરગા નગરી વિગેરે ગામોમાં આવી રહ્યા ને ત્યાં તેમણે જુદાજુદા પ્રકારે વેદ ભાષ્ય ટીકાઓ રચી તે દેશના લોકોમાં બોલાતી પિશાચ ભાષાનો સમૂળ નાશ કરી

દક્ષિણ દેશની પ્રજાને ઉત્તમ સંસ્કારી બનાવ્યાં.

તે પછી अहंब्रह्मास्मि એટલે પોતે ઇશ્વર છીએ એવું કહેવરાવનાર શંકરમતની વૃદ્ધિ થએલી જોઈ શ્રીભગવાને પોતાના આસનરૂપ શેષજીને આ મનુષ્ય લોકમાં મોકલ્યા તેઓ દ્રાક્ષિણતુંડીર દેશે ભુતપુરી નામક નગ્રને વિષે મુનિ "કેશવાચાર્ય" ને ત્યાં બાઈ કાન્તિમતિના ઉદરે જન્મ્યા. તેમણે યોગ્ય ઉમ્મર થયે સન્યાસ માટે ગુરૂ પૂર્ણાચાર્ય પાસેથી દીક્ષા લેઇ દિગ્વિજય કરવા નિકળ્યા તેઓ સ્થળે સ્થળે ફરીને શૈવ જૈન અને એવાજ બીજા કુતર્કીઓ સાથે ભારે શાસ્રાર્થ કરી એ સર્વેને પરાસ્ત બનાવી દીધા. અને અંતમાં પતિત પાવન સંસ્કાર પ્રવર્તાવી પરમ ધામે પધારી ગયા. (પ્રપન્નામૃત.)

રામાનુજના પછી ભારતવર્ષમાંથી પતિતપાવન સંસ્કારનો લોપ થયો ને જ્યાં ત્યાં જોતાં द्विज वंसवधो जलवनताडा । जहांतहांबांधेउगृहि अखाडा ॥ (રામાનંદકથા) સંસારી બ્રાહ્મણાચાર્યોનો વિસ્તાર—જેમ વનમાં તાડવૃક્ષ ઉંચું દેખાય છે તેમ પોતે અહંમ બુદ્ધિએ કરી ઉંચા મનાવા લાગ્યા. અર્થાત્ ભગવાનના ગુપ્ત (વેદમંત્ર) બોધના ગ્રાહકો તો માત્ર પોતેજ થઇ પડયા.

એ પ્રમાણે બ્રાહ્મણાચાર્યોના ઘમંડ પણાને લીધે તેમજ દેશમાં પડેલા અનેક દુષ્કાળોના સંકટથી તથા પરદેશી રાજાઓના આક્રમણથી અને મુસલમાનોના ત્રાસથી હરણ્ગ્રર

વિનાની વેરાન થએલી પ્રજા આપતકાલે અધર્મી બની નિચ ઉંચ ભેદ રહિત કામો કરી સંકરપણાને પામી રહી.

ત્યારે ભારત વર્ષની પ્રજામાં ધર્મ બિગાડ થએલો જોઈ શ્રી ભગવાને પોતાના પાર્ષદો જેવા કે ब्रह्मा-नारद-शंभु-सनत्कुमार-कपिल-मनु-प्रल्हाद-जनक-भीष्म-बली-शुकदेव-અને यम-(ભા. સ. ૬ અ. ૩ માં) એ બાર જણને સંસારમાં મનુષ્ય રૂપે અવતાર લેવાની આજ્ઞા કર્યા પછી પોતે પ્રયાગ નગ્રમાં મુનિ પુણ્યસદન-તથા શ્રીમતિદેવી સુશીલાને ઘેર વિ૦ સં૰ ૧૩૫૬ માઘવદી સાતમને ગુરૂવારે-સ્વામિ રામાનંદજી (જન્મ-રહિત) સાધુવેશે પ્રગટ થયા પુણ્યસદન-તથા બાઈ સુશીલા-પૂર્વે-નંદ યશોદાનો અવતાર ગણાય છે-અને એમ કહેવાય છે કે-જ્યારે કૃષ્ણ પરમાત્મા-મથુરાંમાંથી-દ્વારિકામાંથી ચાલ્યા ત્યારે અનેક ગોપગોપીઓના વિલાપ વચ્ચે-મહારાજા નંદ તથા યશોદાને પણ કૃષ્ણ વિયોગથી શોકનો પાર રહ્યો નહિ-ત્યારે કૃષ્ણ પરમાત્માએ-તેઓને કહ્યું કે-તમો કળિ-યુગમાં પ્રયાગ નગ્રને વિષે બ્રાહ્મણ જાતિમાં અવતરશો અને હું તમારે ત્યાં-(જન્મરહિત) સાધુરૂપે પ્રગટીશ-ઇત્યાદિ પ્રમાણોથી-મુનિ પુણ્યસદન અને સુશીલા-તે પૂર્વે નંદ યશોદા હતાં એવો નિર્ણય થાય છે. (રા. જ. ક.) સ્વામી રામાનંદનો અવતાર થયા પહેલાં મુનિ પુણ્યસદનને ત્યાં ભાગવત-સપ્તાહની કથા વંચાતી હતી-તે વખતે દેવી સુ-

રહીલા—એકાન્ત સ્થાને ગયાં ત્યાં અકસ્માત્ કોઈ એક મહાત્મા સાધુનાં દર્શન થયાં—તેમના હસ્તમાં ત્રિદંડાદિ—અંગે શ્વેતવસ્ત્ર અને હસ્તમાં કમંડલુ ધારણ કરેલ હતું.

આ પ્રમાણે એકાન્ત વાસમાં પ્રગટેલા સાધુને જોઇ દેવી સુશીલાએ પતિને પોકાર્યો ત્યાં પુણ્યસદનજી આવ્યા પછી વેદમંત્રોથી સાધુરૂપે પધારેલા પ્રભુનું સ્તવન કર્યું ત્યારે શ્રી ભગવાને તેમને તેમના પૂર્વજન્મનું અને વચનનું ભાન કરાવી—પોતે તુરતજ બાળકરૂપે બની ગયા. (અગસ્તસંહિતા)

પ્રકરણ ૨ જું.

રામાનંદજીનો સાધુ સંસ્કાર.

એ પ્રમાણે ભગવાન રામાનંદજી બાલકરૂપે થયા પછી જ્યારે તેઓ છ દિવસના થયા ત્યારે મુનિશ્રી પુણ્ય સદનજીએ તેમના કુલગોર વિશ્વેશ્વરાનંદને બોલાવી ચૂડા- કર્મ (નામ) સંસ્કાર કરાવ્યો. ને તે વખતે સ્વામીજીનુ નામ રામશંકર રાખ્યું. તે પછી જ્યારે તેઓ આઠ વર્ષના થયા ત્યારે તેઓને મોંજી (જનોઇ) સંસ્કાર કરાવી. કુલગુરૂ વિશ્વેશ્વરાનંદને ત્યાં વિદ્યાભ્યાસ માટે મૂક્યા. ત્યાં ચાર

વર્ષ ભણ્યા પછી વિશેષ અભ્યાસ માટે કાશિમાં આવ્યા ને ત્યાં જ્યોતિર્મઠના આચાર્ય આનંદગીરીની પાઠશાળામાં જઇ રહ્યા. ત્યાં પુનઃ આઠ વર્ષ રહી વેદવેદાંગાદિ શ્રુતિ સ્મૃતિ ગ્રંથોનો દૃઢ અભ્યાસ કર્યો ને તેથી દુનિયાં ઉપર તેમની કાંઇક ઉપકાર વૃત્તિ થવાથી ગૃહસ્થાશ્રમને વિષે વિરાગ ઉત્પન્ન થયો. પરંતુ પ્રયાગથી તેમનાં માતા પિતા આવી ઘેર લઈ ગયાં. માતાપિતાએ સ્વામીજીનાં લગ્નને માટે ઇચ્છા દર્શાવી. પરંતુ તે વિચાર તેમણે સ્વિકાર્યો નહિ. ને પછી કેટલેક દિવસે વિવિધ ઉપદેશ વચનોથી, પિતાને જ્ઞાન કરી તેઓને કાશીમાં તપાચરણને અર્થે મોકલ્યા, અને માતાને કપીલ દેવહુતિવત આત્મિક જ્ઞાન સંભળાવી સંસારથી પરમશાન્તિ આપી, માતુશ્રીને તેઓને પોતાના કાકાના દીકરા મોતીશંકરને ત્યાં સોંપી તેઓ પોતે કાશિમાં એક શિવ પંથી ગુરૂ ગીરીજ્યાશંકરને જઈ મળ્યા.

ગીરીજ્યાશંકરને ત્યાં આવ્યા પછી સ્વામીજીએ (સાધુ) સંસ્કાર લીધો ને ત્યારે ગુરૂકુલમાં તેઓ રામભારતિના નામથી પ્રસિદ્ધ થયા.

એક વખતે ગુરૂ ગીરીજ્યાશંકર પોતાની જમાતસહ દક્ષિણ શૃંગેરી મઠની યાત્રાએ ગયા. જતાં વચ્ચે સેતુબંધરામેશ્વર જઇ પહોંચ્યા. ત્યારે તેઓ અનન્ય શિવ ભક્ત હોવાથી ત્યાં શિવલિંગ પુજાને અર્થે રોકાયા ત્યાં રહુવારમાં સ્નાન

ન્હ્યાહિકથી, પરવાર્યા પછી ગુરૂ આજ્ઞા લઇ શ્રી રામભારતિજી પુજાને અર્થે બાગમાં પૂષ્પો લેવા સારૂ ગયા. ત્યાં ગલતાગાદીએ રામાનુજ પછી દેવાચાર્ય તેમના શિષ્ય હરિયાનંદ અને તેમના શ્રીરાઘવાનન્દ સ્વામીજી તેઓ દેશાટનને માટે શિષ્ય સમુદાય સહ નિકળેલા તે રામભારતિને બાગને વિષે મળ્યા. ત્યાં સ્વામી રાઘવાનન્દજી અને રામભારતિ વચ્ચે મોટો વિવાદ થયો ને છેવટે શંકર મોક્ષ દાતા ન ઠર્યા અને શ્રીવિષ્ણુ ભગવાનજ મોક્ષ દાતા ઠર્યા, તોપણ રામભારતિએ વૈષ્ણવી દિક્ષા લેવાનો અનાદર કર્યો. જેથી રાઘવાનન્દજીએ તેમના નિકટ આવેલા મર્ણને સંબોધિને કહ્યું કે તારૂં મૃત્યુ હવે નજીક છે ને તેથી તારા જેવા મુમુક્ષુએ વૈષ્ણવી દિક્ષાનો સ્વિકાર કરવોજ જોઇએ તે વાત નહિ માનતાં રામભારતિજી પોતાના સ્માર્ત મઠમાં આવ્યા અને ગુરૂ ગીરીજયાશંકરને આ સર્વ હકીકત સંભળાવી, ગીરીજયાશંકર પણ એક યોગી હતા ને તેથી રામભારતિનુ મૃત્યુ તેમણે પણ યોગ બળથી જાણી લીધું. તત્પશ્ચાત સર્વ સન્યાસીઓ સહ. ગીરીજયાશંકર સ્વામી રાઘવાનન્દજીની છાવણીમાં ગયા. ને ત્યાંની રાજસભાને મધ્યસ્થ નિર્માણ કરી રામભારતિને મૃત્યમાંથી બચાવ્યાની સરત કબુલી એટલે એવી હોડ કરી કે જો સ્વામી રાઘવાનંદજી રામભારતિને મૃત્યુથી બચાવે તો અમો સઘળા તેમના શિષ્ય થઇ જઇએ નહિતર તે અમારા

સ્માર્ત સંપ્રદાયમાં આવે, આવી સરત કર્યા પછી વખતસર અકસ્માત રામભારતિને તાવ ચડી આવ્યો ને તે જોતજોતામાં મર્ણને શર્ણ થઇ ગયા. આ વખતે હજારો માણસોના વચ્ચે રામભારતિને મૃત્યુથી રક્ષવા માટે ગીરીજાયાશંકરે શિવશિવા દિક હજારો મંત્રના ઉચ્ચાર કર્યાં પણ તેમનું કાંઇ વળ્યું નહિ. અંતમાં અંત્રિક્ષે આવી નારદજીએ કહ્યું કે એ શરીર પૂર્વે ત્રેતાયુગ ગત શ્રી રામજીનો અંશ છે. ને જગતમાં કળિયુગને વિષે લોકોનો ઉદ્ધાર કરવા માટે પ્રગટેલ છે.- તેથી ગુરૂ રાઘવાનંદજી તેમને વૈષ્ણવિ દિક્ષા આપશે તો તે સજીવન હોઈ જગતનો ઉદ્ધાર કરશે.

આ પ્રમાણે શ્રી નારદજીની અંત્રિક્ષ વાણી સાંભળી- સર્વ સમક્ષ-શ્રી રાઘવાનન્દજીએ-શ્રુતિ સ્મૃતિમાં વર્ણવ્યા પ્રમાણે-तप्तमुद्रा,-तिलक; नाम; तथा-मंत्र; અને-माला-દિક પંચ સંસ્કારોથી રામભારતિના શબને राममंत्रના બળવડે સજી- વન કર્યા આ વખતે સર્વ કોઇને ઘણોજ આનંદ થયો- ને તેથી-ગુરૂમુખે-રામભારતિનું નામ બદલી-रामानंदजी- રાખ્યું (વિષ્ણુ ધર્મરત્નાકરમાં) રામાનંદ નામનો અર્થ રામનામથી જીવીત સુખ આનંદ મળ્યું તેથી તેમનું નામ રામાનંદજી છે વળી બીજા અર્થમાં रकारवाच्यो श्रीरामःचंद्र-मकारवाच्यो जीवेति-રકાર (રામનો આત્મા) મકાર (જીવ અથવા શરીર- વાળો દેહ) તેથી રામરૂપ રામાનંદ ત્રીજે અર્થ-रकारो

रामचन्द्रस्यात् सच्चिदानंदविग्रहः ॥ (રામાનંદ જ. ઉતસવમાં)
વળી એક ચોથો મુખ્ય અર્થ એ છે કે—

रामानन्दो रामरूपो राममन्त्रार्थ चित्कविः ।
राममंत्रपरो रक्षो राममंत्र रतः प्रभुः ॥ १ ॥

(રામાનંદની એકસો આઠ નામાવલી.)

મતલબ કે-રામાનન્દજી-એ-રામચંદ્રનોજ અવતાર છે.

એ પ્રમાણે સ્વામી રામાનંદજીને સજીવન કર્યા પછી સ્વામી રાઘવાનન્દજીએ-તેમને સાધુઓની મોટી જમાત બાંધી આપી-દેશાટન કરવાને મોકલ્યા-તેઓ ઘણા કાળ સુધી ભારતવર્ષની ચારે દિશામાં ફરી પુનઃ ગુરૂ ચર્ણમાં જઈ મળ્યા. આ વખતે-રામાનંદજી કર્મભ્રષ્ટ લોકોને ઉપદેશ આપવાની પ્રવૃત્તિમાં પડ્યા હતા. જેથી રામાનન્દજીની જમાતને રંગપૂર રાઘવાનંદજીની ગાદીએ આવેલી સાંભળી-દક્ષિણના-રામાનુજી બ્રાહ્મણાચાર્યોએ-મોટી સભા ભરીને ત્યાં સ્વામી રામાનંદજીપર-पतितोपदेष्टत्वએટલે-પતિતને ઉપદેશ આપ્યા બદલનો આરોપ મૂકી-તેમને રામાનુજ આચાર્યો-માંથી બહાર કર્યા-(ધર્મવર્ણને)

આચાર્યો તરફથી રામાનંદજીપર આવો ખોટો ગુસ્સો જોઇ સ્વામી રાઘવાનંદજી ઘણો ખેદ પામ્યા-અને-રામાનંદજીને પોતાના નામથી એક જુદો સંપ્રદાય-ચલાવવાની આજ્ઞા કરી કાશિએ મોકલી દીધા-ગુરૂ આજ્ઞાથી રામાનંદજી કાશિએ

આવ્યા—ને ત્યાં તેમણે પંચ ગંગાઘાટપર—મઠ બંધાવી—પોતાની—સ્વતંત્ર ગાદી સ્થાપી રહ્યા પછી ત્યાં સંસારમાં મનુષ્યરૂપે આવેલા પાર્ષદો—સ્વામિજીના શિષ્યો થઇ રહ્યા—જેમનાં નામ—આગળ આપણે કહી ગયા છીએ—તે મુખ્ય હેવોનાં નામો અનુક્રમે અહિંયાં સમજવાં.

१ अनन्तानन्दजी—२ सुरसुरानंदजी—३ सुखानंदजी—४ नरहरियानन्दजी—५ योगानन्दजी—६ पीपाजी—(રાજા) ७ कबीरजी—(મુસલમીન) ८ भावानंदजी—९ सेनाभक्त—(હજામ) १० धनाभक्त—(કણબી)—११ गाललानन्द—ने—१२ रामदास (રોહીદાસ ચમાર) વગેરે મળી—નિચ ઉંચ જાતિવાળાઓને પતિત પાવન કરી—દીધા—ને તે સર્વે શિષ્યોના—હમણાં પણ—એકંદર બાર પંથો વિદ્યમાન છે.

પ્રકરણ ૩ જુ.

રામાનંદ દિગ્વિજય.

શ્રી રામાનંદજીએ પતિતપાવન સંસ્કાર પ્રવર્તાવ્યા પછી કાશિના પંડિતોએ એ વિષે મોટો વાંધો લીધો. અને ત્યાંના રાજા શીલનાંધીને ઉશ્કેરી. સ્વામી રામાનંદજી સાથે

કેટલોક શાસ્ત્રાર્થ કર્યો. તે શાસ્ત્રાર્થમાં સ્વામીજીનો જય થયો. તદુપરાંત તેમણે કાશિના શિવ પંથી બ્રાહ્મણોના હઠાગ્રહથી પંચ ગંગા ઘાટપર પાંચે ગંગાઓને પ્રગટ કરી તેથી કાશિ નગ્રનો નાશ થવા લાગ્યો તે લોક પ્રાર્થનાથી ગુરૂદેવે શાન્ત કર્યો તે સમયે કેટલાક પરચા પણ આપ્યા. આથી રાજા શીલનીધી અને બીજા પણ અનેક રાજપુરૂષો શિવમતમાંથી નિકળી જઇને સ્વામીજીના શિષ્ય થયા તે પછી સ્વામીજીએ પરોપકારને અર્થે રામાનંદ "मत्ताब्ज भास्कर" નામે ઉત્તમ ગ્રંથ બનાવ્યો ને આપ કાશીસ્થ ગાદીપર નહિ રહેતાં દેશોદેશ ભ્રમણ કરવા લાગ્યા. ત્યારે તે પ્રથમ અયોધ્યામાં આવ્યા ને ત્યાંના મુસલમાનોને હિંદુ બનાવ્યા (પતિત શુદ્ધિમાં) ને ત્યાંથી દિલ્લી શહેરમાં આવ્યા ત્યાં સિકંદર લોદીના પ્રધાન શેખત્વે કબીર આદિ અયોધ્યાના મુસલમાનોને સ્વામીજીએ જે હિંદુ મતમાં આણેલા તેનુ વૈર લેવાને શેખત્વે પ્રથમ તો સ્વામીજીને રાજાના પરોણા તરીકે રાખ્યા ને પછી યુક્તિથી સ્વામીજીને કોઇ એક ગુણકાને ત્યાં પહોંચડાવ્યા. અને પાછળથી શેખત્વ શાહ સિકંદરને લઇને ગુણકાને ઘેર ગયા અને ત્યાં રામાનંદજીની અનીતિનો દાર્શનિક પુરાવો શાહને બતાવવા માટે બન્ને જણ છુપી રીતે ગુણકાના ઘરમાં ભરાઈ બેઠા પરંતુ સ્વામીજી નૈષ્ઠિક બ્રહ્મચારી હોવાથી નાયકાનો સર્વ શ્રમ નિષ્ફલ થયો, ને જ્યારે નાયકા છેક બલાત્કારપર

આવી. ત્યારે સ્વામીજી તેને ધિક્કારતા તથા રામ નામને ઉપદેશ કરતા અગ્નિરૂપ થઇ પૃથ્વીમાં સમાઈ ગયા. ને તેથી શેખત્વ ભુઠો પડયો. પાછલથી શેખત્વ અને શાહુ એ બન્નેએ સ્વામીજીને તેમની પોતાની છાવણીમાં પ્રવિષ્ટ થયેલા જોઇ તેમના પરના દ્વેષભાવ ત્યાગ કરી તેઓમાં ગુરૂભક્તિ કરવા લાગ્યા તેમજ સ્વામીજીના શ્રી મુખના ઉપદેશથી ગુણકાનો પણ ઉદ્ધાર થયો. (રામાનંદ નાટયમાં.)

તત્પશ્ચાત સ્વામીજી પોતાની જમાત સાથે જયપુર ગયા. ને ત્યાંના કચ્છવા કુળના ક્ષત્રિય રાજાને ઉપદેશ કરી પોતાનો શિષ્ય બનાવ્યો ને તેથી રાજાએ ગલતાની ગાદી કે જે રામાનુજ સ્વામીએ સ્થાપન કરી હતી. તે ગાદી સ્વામી શ્રીરામાનંદજીને સોંપી. ને રામાનુજથી લઇને રાઘવાનંદ પછી પાંચમી પેઢીએ તેઓ ત્યાંના મહંત કહેવાયા.

ગલતાગાદીએ કેટલાંક વર્ષો ગાળીને સ્વામીજીએ તે ગાદી પોતાના શિષ્ય અનંતાનંદજીને વારસાના હક્ક પ્રમાણે સોંપી. પોતે જમાતસહ જુનાગઢ ગયા. આ વખતે જુનાગઢમાં શિવભક્ત નૃસિંહ મહેતા હતા. તેમને મોક્ષ પ્રાપ્તિ માટે સ્વામીજીએ વૈષ્ણવિ દિક્ષા આપી ને ત્યારપછી તેઓ દ્વારિકાં ગયા.

નૃસિંહ મહેતાનો મૂળગુરૂ શિવપંથી ભિમગિરિ હતો. તેઓએ ત્યાંના રાજા માંડલિકને ઉશ્કેરી નૃસિંહને એક કોટડીમાં

પુરાવ્યા. અને કહ્યું કે જો તારો વિષ્ણુ સાચો હશે તો તને આ બંધ કરેલા કેદખાનામાં આવી હાર પહેરાવશે.

આ વખતે રામાનંદજી દ્વારિકામાં હતા. ત્યાં યોગબળથી તેમને ઉપરોક્ત હકીકત વિદિત થયે પોતે પરમાત્માનો અંશ હોવાથી એકદમ એજ વખતે જુનાગઢ આવ્યા. અને નૃસિંહનુ રૂપ ધરી નૃસિંહ એક વૈષ્ણવને ઘેર ગીરો મુકેલો કેદારોરાગ છોડાવી તે નૃસિંહને આપ્યો નૃસિંહે તે ગાયાથી શ્રીવિષ્ણુએ તુરતજ નૃસિંહની કોટમાં હાર આરોપણ કીધો. ને તેથી રાજા તથા મિત્રાગિરિ એ સર્વે ઝાંખા પડયા. બીજે દિવસે સભા ભરીને ત્યાં ગુરૂ રામાનંદજીએ રાજા માંડલિકને કેટલાક શબ્દો કહ્યા પછી શ્રાપ આપ્યો કે તેં મારા ભક્તને કેદમાં બેસાડયો માટે અમદાવાદનો અહમદશાહ બાદશાહ તને પકડશે ને કેટલોક વખત કેદ રાખી છેવટે ત્હને મુસલમાન બનાવશે. તેજ પ્રમાણે બન્યું ને તેની કબર પણ હમણાં અમદાવાદમાં કંદોઇઓળમાં પ્રસિદ્ધ છે. (હારમાલામાં.)

તે પછી સ્વામી રામાનંદજી ગુજરાતમાં નર્મદા કિનારે ગામ શુકલતિર્થમાં ગયા. ત્યાં વૈષ્ણવદ્રોહી શિવપંથી સન્યાસીઓ કે જે ગુમાન ઘાટપરથી શ્રી વૈષ્ણવોને નસાડી મેલી ત્યાં તેઓ રહેતા હતા. તેઓ સાથે મારપીટનું જ્ઞાન ચલાવી હરાવ્યા છતાં સમાર્તિઓનું અજ્ઞાન જારી રહે-

વાથી સ્વામીજીએ સાત અખાડા અને બાવન દ્વારાનાં જુદાં જુદાં થાણાં નિયત કરવાનો હુકમ ગલતા ગાદીના મહંત અનંતાનંદજીને સોંપ્યો, જે પ્રયાસ અનંતાનંદજીથી લઇ કૃષ્ણદાસ પહુવારી સુધિ જારી રહ્યો છેવટે ઉક્ત પંથના મુખ્ય (કાનફટાનાથ) ગુરૂ કે જે ગલતાગાદીનો ધણી થવા આવ્યો હતો તેને કૃષ્ણદાસે ગધેડો બનાવી દઇ પાર પાડયો હતો. છતાં પાછળથી શુકલતિર્થ ગુમાનઘાટની ગાદીના શિવપંથી સંન્યાસી લક્ષ્મણ ગિરિ અને ભૈરવગિરિ વૈષ્ણવોથી વેર કરવામાં બેસી ન રહ્યા. એટલે અગ્રદાસજીના શિષ્ય વંશમાં સીકરીમાં—રામગઢ) ની ગાદીના બાલકૃષ્ણદાસજીએ ચારે સંપ્રદાયના આચાર્યોની મોટી સભાભરી ત્યાં સાત અખા-ડાને બાવનદ્વારાના થાંણાં બંધાવી દેશમાંથી શિવપંથી-ઓને એકદમ હરાવી દીધા.

(ગોવિંદાચાર્ય ભક્તમાલમાં).

શુકલતિર્થથી સ્વામી રામાનંદજી ઉજ્જન ગયા. ત્યાં અમુક અમુક મેળાઓ વખતે જ્યારે શૈવ અને વૈષ્ણવમતી સાધુઓ એકઠા થતા ત્યારે ત્યાં સ્નાન કરવા માટે ક્ષિપ્રા-નદીપર એકજ આરો પ્રસિદ્ધ હતો, તેથી ત્યાં ઘણીક વેળા તે બન્ને મતવાળાઓને માંહોમાંહે પ્રથમ સ્નાન કરવા વિષે તકરાર થતી. તે તકરાર દૂર કરવા સ્વામીજીએ તેઓને પોતાના બુદ્ધિબળથી જુદીજુદી વ્યવસ્થા કરી આપી.

ત્યાર પછી તેઓ ગોદાવરી (નાસિક) ગયા ત્યાં પણ

ઉજ્જન નગરીની પેઠે શૈવો અને વૈષ્ણવો વચ્ચે ત્યાંની ગોદાવરી નદીમાં નહાવાની તકરાર થતી. તે તકરાર દૂર કરવા સ્વામીજીએ ત્યાંના રાજાને સ્વપક્ષમાં આણી. એવો ઠરાવ કર્યો કે શૈવો ત્ર્યંબકમાં અને વૈષ્ણવો નાશિક (પંચવટી)માં સ્નાન કરે.

ત્યાંથી પછી સ્વામીજી દક્ષિણ "વેંકટાચલ" પર્વતના મોટા મંદિરે ગયા. ત્યાંના આચાર્યે તેમનો અનાદર કર્યો જેથી રામાનંદજીએ એક હાથીરામ નામના સાધુને મળ્યા. અને તેને ગીરીનું રાજ્ય આપવા વચન દઇ પોતાનો શિષ્ય બનાવ્યો. તત્પશ્ચાત્ ત્યાંના રાજાને મધ્યસ્થ નીમી દક્ષીણના આચાર્યોની મોટી સભા ભરી તેઓ સાથે શાસ્ત્રાર્થ કર્યો. તેમાં સર્વ કોને હરાવી ઉપરથી પોતાના શિષ્ય હાથીરામ પાસે હાથીનું રૂપ લેવરાવ્યું એટલે રાજ્ય તર્ફથી ત્યાંની ગાદી સ્વામીજીના શિષ્ય હાથીરામને સોંપાઈ જે ગાદી યદ્યાપી પર્યંત રામાનંદિય છે. પછી ત્યાંથી સ્વામીજી રંગરાજપુરીમાં પોતાના ગુરૂ રાઘવાનંદજીની ગાદીએ જઇ મળ્યાને ત્યાંથી ગુરૂ રાઘવાનંદજીને સાથે લઇ રંગરાજપુરીથી તોતાદરીવાળી મોટી ગાદીએ આવ્યા. ત્યાં દક્ષીણના આચાર્યોની મોટી સભા ભરી તેમાં દ્વેષ ભાવ વચ્ચે પોતાની અપ્રતિમ વિદ્વતા અને ગુરૂ કૃપાનુકુલ બતાવી ગીતા મનુસ્મૃતિ ને વેદ વેદાંગોના પ્રમાણસહ પતિતપાવન સંસ્કાર વિધીને શાસ્ત્રીયરૂપમાં

આણી રામાનંદજી પુનઃ આચાર્યોની પંક્તિમાં આવ્યા. તત્પશ્ચાત રામેશ્વર જઇને ત્યાં પણ તેવીજ વિદ્વતાવડે પોતાના પંથના સાધુઓ શંકરને ગંગોત્રિ ચઢાવે એવો હક્ક મેળવ્યો.

ત્યાંથી તેઓ જગન્નાથપુરીમાં ગયા. ત્યાં મંદિરના પૂજારીઓએ તેમના પર પતિતો પદેષ્ટત્વનો આરોપ મૂકી જગદીશ ભગવાનનાં દર્શન કરવા માટે પ્રતિબંધ કર્યો. એ પ્રતિબંધ સ્વામીજીથી સહન ન થઇ શક્યો તેથી ત્યાં યોગબળ વડે પોતાના શરીરને છોડી દીધું.

પૂજારીઓ તો મંદિરનાં બારણાં બંધ કરી ચાલ્યા ગયા ત્યારે સ્વામી રામાનંદજી ઇશ્વરનો અંશાવતાર છે એમ સર્વને જાણવા માટે એકદમ તે મંદિરને ઠેકાણે વૈકુંઠનો દેખાવ થયો અને સ્વામીજી પણ પુનઃ જીવીત દશામાં આવી શ્રીભગવાનનાં દર્શન કરી કૃતાર્થ થયા. બીજે દિવસે પણ આજ દેખાવ કાયમ રહેલો જોઇ સર્વકો દીગમૂઢ બન્યા. અને સ્વામીજીના અત્યંત ગૌરવથી એ સર્વે મોહીત થયા ને ત્યાં પોતાના પંથના સાધુઓ હસ્તે સેવા પુજા કરવાનો હક મેળવ્યો.

જગદીશથી સ્વામીજી ગંગાસાગર ગયા. ત્યા ઘણા કાળથી લોપ થએલી યાત્રા પુનઃ સ્વામીજીએ પ્રસિદ્ધ કરી. આથી ત્યાંના રાજાએ સ્વામીજીના સ્મરણાર્થે સુંદર આરસપત્થરની પ્રતિમા સ્થાપી જે હમણાં પણ કાયમ છે.

ત્યાંથી સ્વામીજી બ્રહ્મપુત્રા નદીના જળમાર્ગે થઈ નેપાલ રાજ્યમાં ગયા. ત્યાં ગણ્ડકી ગંગાના શાલીગ્રામની પૂજા સર્વત્ર પ્રતિપાદન કરી બદ્રિનાથ આવ્યા.

આ ઠેકાણે બરફ પડવાથી આઠ મહીના સુધી મંદિર બંધ રહે છે તેથી સાધુઓ તથા અન્ય યાત્રાળુઓને ઘણી હેરાનગતી પહોંચે છે—તે માટે સ્વામીજીએ પર્વતની નિચેની તલેટીમાં "ઋષિકેશાશ્રમ" સ્થાપ્યો કે આશ્રમ વર્તમાન સમયમાં કાંબળીવાળા બાબાવડે કરીને વધારે પ્રસિદ્ધ છે. ત્યાંથી રામાનંદજી હરિદ્વાર ગયા, ને ત્યાં પણ ચઢાવ વખતે એકઠા થતા હજારો શૈવો તથા વૈષ્ણવભક્તો વચ્ચેના અનેક વિધ ઝઘડા જંપાવી તેમણે ઉત્તમ પ્રકારની શાન્તી પ્રસરાવી.

ત્યાંથી સ્વામીજી પ્રયાગમાં આવ્યા ને સમસ્ત ભારત-મતાવલંબીઓની છાવણીઓ વચ્ચે વિશિષ્ટ દ્વૈત મતનો એક જુદો ઝુંન્ડો જાહેર કર્યો. તત્પશ્ચાત તેઓ પુનઃ કાશી ગયા. ત્યાં પોતાની ગાદીનો વારસો શિષ્ય સુરશુરાનંદજીને સોંપી. પોતે વિ. સંવત ૧૪૬૭ના માઘ શુદિ ૭ બુધવારના રોજ કાશીમાં પંચગંગાઘાટપર સ્થુલ શરીર છોડી દિવ્યદેહે વૈમાનમાં બેસી પરમ ધામે પધારી ગયા.

પ્રકરણ ૪ થુ

રામાનંદિય ધર્મ પ્રચાર.

રામાનુજ અને રામાનંદિય આચાર્યોનો પ્રચાર બહુધા દક્ષિણમાં છે, તોપણ જેટલે અંશે રામાનંદિય ધર્મ ભારત વર્ષમાંના દરેક ગામે ફેલાયો છે. એવો કોઈ પણ સંપ્રદાય ફેલાયો નથી. ધર્મ સંરક્ષણાર્થે વૈષ્ણવમતના ચાર સંપ્રદાય મોટા ગણાય છે. તેમાં રામાનુજાદિ રામાનંદનો સિદ્ધાન્ત સર્વોત્તમ છે એમ સર્વત્ર સિદ્ધ થઇ ચુકયુ છે રામાનંદના અનેક શિષ્યોમાંથી મુખ્ય બાર શિષ્યો પ્રસિદ્ધિમાં આવેલા છે જેઓનાં નામ પૂર્વ પ્રકરણમાં આવી ગયાં છે. તેમાં અનંતાનંદજીથી લઈ કબીર દાસાદિ શિષ્યોની કથા ઘણી વિસ્તૃત છે કેમકે એમણે અનેક મનુષ્યોનો ઉદ્ધાર કર્યો છે. તેમ છતાં ઉક્ત શિષ્યોમાંના વર્તમાન કબીર પંથી, નાનક પંથી, રવિ ભાણ પંથી અને સ્વામી નારાયણ મતવાળા એ વગેરે રામાનંદિય સંપ્રદાયને નહિ ગણકારતાં જુદી ઢબપર ચાલે છે. પરંતુ શાસ્ત્રોમાં તપાસી જોતાં ઉપરોક્ત પંથોના મુળ આચાર્યો રામાનુજ આદિથી લઇ રામાનંદિય સંપ્રદાયમાંથી નિકળેલા છે. તેથી એ સઘળાઓનો મૂળ સંપ્રદાય રામાનંદિય છે.

રામાનંદજીનો સિદ્ધાન્ત એવો છે કે મુખ્ય ઉપાસના શ્રીરામચંદ્રજીની કરવી ને મુખ્ય તિર્થ અયોધ્યાજીને માનેલ

છે. તે મતના સાધુઓમાં પરસ્પર મળે દંડવત પ્રણામ કરવાનો રીવાજ છે. સ્વસંપ્રદાયી સાધુને ઓળખવા માટે અખાડાદ્વારા ધામક્ષેત્ર મંત્ર અને પંચ સંસ્કારાદિ એવા બીજા કેટલાક સંકેત વાતોના સવાલો પૂછવા સારૂ શાખાઓમાં નક્કી કરી મુકેલ છે. જેઓને એ ન આવડે એ અન્ય સંપ્રદાયી છે એમ માની એને રામાનંદીય સંપ્રદાઈ સાધુઓમાંથી અલગ રાખવામાં આવે છે તોપણ તેના સાધુત્વને માન તો આપવું એવો એમનો સિદ્ધાન્ત છે.

પ્રયાગ ગોદાવરી ઉજ્જન ને હરિદ્વાર એ ચાર તિર્થોમાં મોટા મેળાઓ ભરાય છે. તેમાં લાખો સાધુઓ જરીથી ભરેલા નિશાન ડંકા છડી ચામરાદિ પાલખી અને હાથી ઘોડા ઉંટસ્વારીઓ સહિત રાજશિ ઠાઠથી આવે છે તેમાં રામાનંદિય અખાડ મલોની જમાતના સાધુઓ મુખ્ય ગણાય છે એમ નિચેની સાખીથી પ્રસિદ્ધ છે કે.

सर्वमीली एक आगा रहे करि के बडी जमात ।
याते संत महंतमें नागनकी बडी बात. ॥ १ ॥

વળી મેળા ભંડારાઓમાં તથા બીજા ધર્મ કાર્યોમાં રામાનંદી નાગા અખાડ મલ્લો વિજય મેળવે છે તેથી એક ગોપાલ કવિએ લખ્યું છે કે.

कवित.

राखें सौख शान चढें नौबत निशान—
करि वेको अभिमान सजे अस्त्र शस्त्र हाथ हैं. ।

संग इभ घोरे रण मुरत नमोरे औ भुकावे—
कडे तोडे रहे रुष्ट पुष्ट गात हैं ॥
सुकवि गुपाल पटे बाजी के देखावे हाथ काहु—
न डरात जंग जोरे जित जात हैं ।
माल भले खात संग राख तजमात—
याते जगमे विख्याति बढी नागनकी बात हैं ॥ १ ॥

ઇત્યાદિ પ્રમાણોથી સ્વામી રામાનંદજીના સાધુઓ સર્વમાં વિખ્યાત છે.

વળી પાશ્ચિમાત્ય પંડિત મી. નારસી તથા ટી. આર. સાહેબ લખે છે કે સ્વામી રામાનંદજીનો ઉપદેશ ઘણો પ્રબળ છે. તેઓશ્રી નિષ્પક્ષપાતી અને જીવોપર દયા કરનાર એક પરોપકારી વીર હતા.

સંસારમાં ચાલતા અનેક સંપ્રદાયો કરતાં રામાનંદિય સંપ્રદાયના સાધુઓ બ્રહ્મચર્યનું પરિપાલન કરનાર હોવાથી શ્રેષ્ઠ છે તેમજ ઇશ્વરભક્તિ પણ તેવીજ બતાવે છે આ સંપ્રદાયમાં હજારો મહાત્મા યોગીપુરૂષો થઇ ગયા છે ને હમણાં પણ છે. જેથી ભારતવર્ષમાં તપાશી જોતાં આ એકજ સંપ્રદાય મોક્ષ આપવાવાળો છે. એવો બીજો નથી. વળી અતિથી સત્કાર અને ભૂખ્યાં પ્રાણીઓને સંતોષવા માટે આ સંપ્રાદાયે એક મહાન વ્રત ધરાવ્યું છે.

ભારતવર્ષમાં અનેક ધર્મો ચાલે છે. પરંતુ વેદાન્ત ધર્મના

પવિત્ર આચરણો પાળવાવાળાઓમાં આ સંપ્રદાય શ્રેષ્ટ છે. આ સંપ્રદાયમાં ચારે વર્ણ પ્રવેશ કરી શકે છે પરન્તુ નાનક કબીરાદિ એવા કેટલાક પંથો રામાનંદજીના શિષ્ય-પર શિષ્યોથી પ્રવૃતાએલા છે પણ તેમાંના તેઓ આ સંપ્રદાયમાંથી ઘણે અંશે વેદથી વિરૂદ્ધ હોવાને લીધે એક પંક્તિ ભોજનાદિના વહેવારોથી ત્યાજય છે. વળી મી. હંટર, સાહેબ લખે છે કે રામાનંદજીમાંથી ત્યાગી ધર્મ પ્રસિદ્ધિમાં આવેલો હોવાના લીધે વિરાગી કહેવાનો ચાલ પડયો છે જેથી સંસારમાં ત્યાગીઓ વિષે ખોળાંએ તો રામાનંદ સંપ્રદાય શ્રેષ્ટ છે. કેમકે તેમાં ઈશ્વરભક્તિ ક્રિયાને પ્રધાન માની છે.

મુક્ત શાસ્ત્રમાં રામાનંદજીના મત વિષે લખ્યું છે કે અન્ય શૈવ જેવા સંપ્રદાયોમાં માત્ર જ્ઞાનનેજ પ્રધાન ગણે છે. પણ સાકર સાકર કરેથી મ્હોડું મીઠું થતું નથી. તેથી જ રામાનંદિય સંપ્રદાયમાં ક્રિયા પ્રધાન હોવાથી તે શ્રેષ્ટ છે કેમકે ક્રિયા વડેજ સમાધિ વગેરે થઈને આત્મા સાક્ષાત્કાર થાય છે માત્ર જ્ઞાનથી નહિ, વળી નાભાજી ભક્તમાળમાં રામાનંદજી રામનો અવતાર છે રામ સમુદ્રપર પાળ બાંધી ત્યાં રામાનંદજીએ સંસાર સમુદ્ર પર ધર્મસેતુ બાંધી જીવોને મોક્ષ પમાડયા એ પ્રમાણે અનેક ઠેકાણે રામાનંદિય મતની શ્રેષ્ટતા વર્ણવેલી છે. ને તેથીજ તે સત્ય મત સંસારમાં વધુ વિસ્તૃત થએલો છે થાય છે ને થશે.

પ્રકરણ ૫ મું.

રામાનંદિય ધર્માચર્ણો વિષે પ્રમાણ.

શ્રી રામાનંદિય તિલક વિષે-પદ્મપુરાણ-ભૂમીખંડ-અધ્યાય-૮૬ મામાં કહ્યું છે કે માણસ વિષ્ણુ ધર્મી થયા પછી-શંખચક્ર ગદા પદ્માદિ ભગવાનનાં ચિન્હો વાળાં તિલક તથા છાપ શરીરપર ધારણ કરવાથી-નિઃશંક પરમ ધામનો અધિકારી થાય છે.

સ્વર્ગ ખંડ-અધ્યાય ૮૦ માં કહ્યુ છે કે શાલીગ્રામને સેવનાર તથા ચક્રાંકિત થયેલા બ્રાહ્મણને હસ્તેજ શ્રાદ્ધ કરાવવું તે ઉત્તમ છે.

પાતાલખંડ અધ્યાય ૭૯ માં કહ્યું છે કે બ્રાહ્મણાદિ હરેક વર્ણ-નેપાલમાં આવેલી-ગણ્ડકી ગંગા-કે જ્યાં શાલીગ્રામની ઉત્પત્તિ થાય છે. ત્યાં જઈ શંખચક્રાદિ ચિન્હો ધારણ કરી-પૂજા કરવાથી-તે મનુષ્ય મર્ણ સમયે સાક્ષાત ચતુર્ભૂજ રૂપે મોક્ષ થાય છે.

વળી-ઉક્તપુરાણના અધ્યાય-૨૨૪ માં શ્રી શંકર પાર્વતિને કહે છે કે હે દેવી ! શ્રી વિષ્ણુ ભગવાનની સોળ પ્રકારની ભક્તિ છે-તે એકે-૧ ચક્રાંકિત થવું ૨ ઉર્ધ્વ પુંડ્ર તિલક ધારણ-૩ મંત્રોનુ પરિગ્રહણ-૪ અર્ચન-૫ જપ-૬

ધ્યાન-૭ નામસ્મર્ણ ૮-કિર્તન ૯-શ્રવણ ૧૦-વંદન ૧૧-ચરણસેવા-૧૨ તિર્થ-૧૩ પૂજા પ્રસાદ ૧૪ વૈષ્ણવ સેવા ૧૫-દ્વાદશી વ્રત-ને ૧૬-તુલસીસેવા-એ વગેરે ભાગવત આચર્ણો પાલવાથી-નક્કી મોક્ષ મળે છે.

વળી મહોપનિષદ સામ અને યજુર્વેદમાં પણ કહ્યું છે કે જે કોઈ મનુષ્ય ભાગવત ધર્મમાં આવ્યા પછી કંઠમાં તુલસી અથવા કમલાક્ષની માળા તથા ભૂજાઓપર શંખ ચક્રનાં ચિન્હો તથા લલાટમાં ઉર્ધ્વ પુંડ્ તિલક ધારણ કરે છે. તે સાધુઓ સંસારના જીવોને મોક્ષ આપનાર શ્રી ભગવાનના પાર્ષદો જાણવા.

પદ્મ પુરાણ અધ્યાય ૨૨૫ માં જે મનુષ્યના લલાટમાં ઉર્ધ્વ પુંડ તિલક ધારણ કરાયલુ હોય તે સાક્ષાત શ્રી ભગવાનનુ મંદિર છે એમ જાણવુ અને તે ભક્તનાં દર્શન માત્રથી સર્વ પાપો ટળી જાય છે.

તત્ ઉપરાન્ત વૈષ્ણવોનાં તિલક માળાદિ તાપ (છાપ) સંસ્કારનાં પ્રમાણો નિચેનાં શાસ્ત્રો જોવાથી જડશે.

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, બાષ્કલ-શાખા, મૈત્રાયણી શાખા, શતપથ શાખા, કંઠ શાખા, પવમાન સુકત નિઘંટ, ત્રિવેદિભાષ્ય, જ્ઞાનભાષ્ય, વિષ્ણુ-તત્વ સંહિતા, શ્રીવિષ્ણુ મંદિર સંહિતા, કાલોત્તર સંહિતા, પાદ્મ સંહિતા, બૃહદ્ સંહિતા, ભરદ્વાજસંહિતા, સન-

તકુમાર સંહિતા, વિશ્વેશ્વર સંહિતા, વશિષ્ટ સંહિતા, પરાશર સંહિતા, પરમેશ્વર સંહિતા, વિશ્વકશેન સંહિતા, પુસ્કલ સંહિતા.

શાંડિલ્યસ્મૃતિ, મનુસ્મૃતિ, હારીતસ્મૃતિ, સનકસ્મૃતિ પરાસરસ્મૃતિ, યમસ્મૃતિ, શંખસ્મૃતિ, બૃહદ્ધારીતસ્મૃતિ, પદ્મ સ્મૃતિ, વિષ્ણુસ્મૃતિ, વ્યાસસ્મૃતિ.

વાલ્મીકિય રામાયણ, નારદ પંચ રાત્ર, મહાભારત, ઇતિહાસ સમુચ્ચય, ભાગવતાદિ સર્વ પુરાણોમાં વિગેરે વિષ્ણુતત્વ પ્રકાશ, રામાનંદ મતાબ્જ ભાશકરાદિ ગ્રંથોમાં રામાનંદીય ધર્મનાં આચર્ણો તથા તુલસીની માળાલિકાદિનાં પ્રમાણો વિખ્યાત છે.

એ પ્રમાણે રામાનુજથી લઇ સ્વામિ રામાનંદજીનો મત સર્વથા શાસ્ત્ર સિદ્ધ છે તેના વિષે વધારે કહેવું એ સુવર્ણ ઉપર ઢોળ ચઢાવવા જેવું છે તો હવે આટલેથીજ હું આજના વ્યાખ્યાનની સમાપ્તિ કરીશ.

ઇશ્વર પ્રત્યે મારી યાચના છે કે આ મારા અલ્પ શ્રમની સફળતાને અર્થે તમો અધિકારી ભક્તોને ઇશ્વર શુદ્ધ બુદ્ધિ આપો અને તમારા હૃદયમાં આજના વ્યાખ્યાનની સમ્પૂર્ણ અસર થાઓ. ઇત્વલ્યમ્

ॐ शान्तिः शान्तिः शान्तिः

જાહેર ખબર.

આથી સર્વેને જાહેર ખબર આપવામાં આવે છે કે નીચે લખેલ પુસ્તકો નીચેના ઠેકાણેથી પત્ર મોકલવાથી વા રોકડી કીંમતે મળશે

મહંતશ્રી મોહનદાસજીનું જીવનચરિત્ર સુંદર છબી સાથે ૦—૨—

श्री रामानन्दादेश (હિંદી ભાષામાં) ... ... ૦—૫—

મેષાવતાચાર્ય વંશનો ખરડો ... ... ૦—૧—

શ્રી મેષાવત રત્નોદય અર્થાત્ ભાષાવંશોનો ઉદય,
મુંગાસવાળા શેઠ મકનજીકૃત... ... ... ૦—૧૦—

મહંત શ્રી મોહનદાસજીની છૂટી છબી ... ... ૦—૧—૦

“વિજ્ઞાન વલ્લભ ખંડન” શ્રી નાંદોલનિવાસી મહારાજ
શ્રી નટવરલાલ કવિકૃત ... ... અમૂલ્ય

“જ્યોતિષસાર સંગ્રહ” શ્રીભરૂચનિવાસી મહારાજ લાલજી
ભગવાન શર્મા કૃત... ... ... ૦—૪—૦

ભવીષ્યમાં છપાવવાનાં પુસ્તકોની યાદી.

श्री रामानन्दीय-वैष्णव-मताब्ज भास्कर સ્વામી રામાનંદજી કૃત (હિંદીમાં) (મૂળ શ્લોક સમેત–ભાષા–ટીકા) ચિત્રો સહીત. ... ... ૩—૦—૦

કબીર તત્વ તાણું. ... ... ૦—૨—૦

મહંત શ્રી મોહનદાસજીના મંદીરની ગાદીએ થએલા
મહંતોની વંશાવળીનો ગ્રંથ “ગુરૂપ્રતાપી વંશામૃત” ૦—૮—૦

ઇત્યાદિ ગ્રંથો મળવાનું ઠેકાણું–

મહંત મોહનદાસજી ગુરૂશ્રી આત્મારામ–ધીકાંટા–અમદાવાદ.